# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-08-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-જાપાનયાત્રા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યુ છે કે,ભારત અને જાપાને આગામી 10 વર્ષમાં જાપાનથી 10 ટ્રીલિયન યેનના રોકાણનું લક્ષ્ય નિર્ધારીત કર્યુ છે. ટોક્યોમાં 15માં ભારત-જાપાન શિખર સંમેલન બાદ શ્રી મોદી અને જાપાનના પ્રધાનમંત્રી શિંગેરૂ ઈશિબા વચ્ચે વિવિધ મહ્ત્વપુર્ણ સમજુતી કરાર થયા હતા.

---

## રાજ્ય-MSME :

રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં અંદાજે 86 હજાર 418 કરોડ રૂપિયાના મૂડી રોકાણ સાથે 3 લાખ 98 હજાર કરતાં વધુ રોજગારીનું સર્જન થયું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકારની 'ઝીરો ડિફેક્ટ ઝીરો ઇફેક્ટ' પહેલ અંતર્ગત એક લાખ 10 હજાર જેટલા MSME એકમોની નોંધણી સાથે ગુજરાત દેશમાં અગ્રેસર રહ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા ક્લસ્ટર વિકાસ-માર્કેટિંગ ડેવલપમેન્ટ સહાય યોજના હેઠળ 1511 એકમોને કુલ 30 કરોડથી વધુનું ચૂકવણું કરાયું છે. માત્ર વર્ષ 2024-25માં જ રાજ્યમાં 42 હજાર 774 કરોડથી વધુના રોકાણ દ્વારા એક લાખ 65 હજાર કરતાં વધુ નવી રોજગારીનું સર્જન થયું છે.

આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા 21 હજાર કરતાં વધુ એકમોને 958 કરોડ રૂપિયા જેટલી નાણાકીય સહાય પણ પૂરી પાડવામાં આવી છે.

---

## કેન્દ્ર સરકાર-સંરક્ષણ મંત્રાલય-ECHS:

કેન્દ્ર સરકારે ભૂતપૂર્વ સૈનિક ફાળો આપતી આરોગ્ય યોજના-ECHS ના વિસ્તરણને મંજૂરી આપી છે. આ યોજનાથી તબીબી કારણોસર અથવા લશ્કરી તાલીમ દરમિયાન ઈજાને કારણે લશ્કરી સેવા માટે અયોગ્ય જાહેર કરવામાં આવેલ ઓફિસર કેડરના કેડેટ્સને ફાયદો થશે. મંત્રાલયે સશસ્ત્ર દળોના ગૌરવ અને ભૂતપૂર્વ સૈનિકોની સુખાકારી માટે આ પગલું ભર્યું છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે આ સુવિધા તાલીમ પૂર્ણ થયા પહેલા તબીબી કારણોસર કાઢી મૂકવામાં આવેલા કેડેટ્સ પર લાગુ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ECHS વર્ષ 2003 માં ભૂતપૂર્વ સૈનિકો અને તેમના આશ્રિતો માટે શરૂ કરવામાં આવ્યું હતું જે સશસ્ત્ર દળોના તબીબી માળખા અને દેશભરમાં ખાનગી પેનલ્ડ અથવા સરકારી હોસ્પિટલો દ્વારા સંચાલિત થાય છે.

---

## રાજ્ય-ગુજકોમાસોલ:

ગુજકોમાસોલ દ્વારા રાજ્યમાં “વન ડિસ્ટ્રીક્ટ, વન ક્રોપ” અંતર્ગત દરેક જિલ્લામાં એક પ્રોસેસિંગ યુનિટ ઊભું કરાશે. ગાંધીનગરમાં ગુજકોમાસોલની 64મી વાર્ષિક સાધારણ સભા દરમિયાન ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ આ મુજબ જણાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, સહકાર સે સમૃદ્ધિના ધ્યેયને ચરિતાર્થ કરવામાં રાજ્યની સહકારી સંસ્થાઓએ સહકાર ક્રાંતિથી દેશમાં ઉદાહરણરૂપ કામ કર્યું છે. તેમણે ઉમેર્યું, નવી સહકાર નીતિ મુજબ સંસ્થાઓ કોમ્પ્યુટરાઈઝ્ડ અને અદ્યતન થઈ રહી છે, ત્યારે ઈ-નેશનલ એગ્રીકલ્ચર માર્કેટ દ્વારા અંદાજે 1500 એ.પી.એમ.સી.ને જોડવામાં આવી છે.

આ પ્રસંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વાર્ષિક 10 હજાર કરોડથી વધુનું ટર્નઓવર અને સરકારના ધોરણો અનુસાર 20 ટકા જેટલું ઊંચું ડિવિડન્ડ આપીને ગુજકોમાસોલ રાજ્યની મહત્વપૂર્ણ સહકારી સંસ્થા બની છે.

---

## કચ્છ-ગાંધીધામ-મનપા કમિશ્નર:

રાજકોટ મ્યુનિસિપલ ડેપ્યુટી કમિશ્નર તરીકે ફરજ નિભાવતા સનદી અધિકારી મનિષ ગુરવાણીને ગાંધીધામ મહાનગર પાલિકાના મુખ્ય કમિશ્નર તરીકે નિયુક્ત કરાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ગુરવાણી અગાઉ ભુજના આસીસટન્ટ કલેક્ટર તરીકે ફરજ નિભાવી ચુક્યા છે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ-ભુજ-સ્પોર્ટસ ડે ઉજવણી:

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા “નેશનલ સ્પોર્ટસ ડે” કાર્યક્રમની ઉજવણી અંતર્ગત તા. ૨૯ થી ૩૧ ઓગસ્ટ દરમિયાન વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે, જે અન્વયે ગઈકાલે જિલ્લા મથક ભુજમાં જીલ્લા કક્ષાના નેશનલ સ્પોર્ટસ ડેની ઉજવણી આર.ડી.વરસાણી હાઈસ્કૂલ ખાતે સાંસદ વિનોદ ચાવડાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. સાંસદ શ્રી ચાવડાએ પ્રધાનમંત્રીની પ્રેરણાથી અને ભારતના ગ્રામીણ વિસ્તારોમાંથી ખેલ પ્રતિભાઓને ઉજાગર કરવા માટે ‘સાંસદ ખેલ મહોત્સવ’ના રજિસ્ટ્રેશનનો પ્રારંભ કરાવ્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ-પુર્વ કચ્છ પોલીસ લોક સંવાદ:

પૂર્વ કચ્છમાં છેતરપિંડી, વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલા લોકો પોલીસવડાને રજૂઆત કરી શકે તે હેતુથી સંવાદના કાર્યક્રમનું આયોજન પોલીસ દ્વારા કરવામાં આવ્યું છે. છેતરપિંડી, વ્યાજખોરોની બદી દૂર કરવા તથા આ બદીના પરિણામે ગંભીર બનાવો બનતા અટકાવવા, આવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા શખ્સો વિરુદ્ધ કાર્યવાહી કરવા તેમજ આવા લોકોના ત્રાસમાં સપડાયેલા લોકો, પોતાની રજૂઆત નિર્ભયપણે કરી શકે તેવા હેતુથી આગામી તારીખ 3 સપ્ટેમ્બરના સવારે 11 વાગ્યે પૂર્વ કચ્છ પોલીસવડાની કચેરીએ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------